# ડેડીયાપાડાનાં મહે.એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ માં,

# મુ.ડેડીયાપાડા

**ક્રિ.કે.નં.પર/ર૦ર૬**
**આંકઃ–૦૭**

**ફરીયાદી :–** શ્રી સરકાર

વિરુધ્ધ

**તહોમતદારઃ– સંજયભાઈ સમુભાઈ વસાવા**

રહે.મોર તળાવ, તા.ઝઘડીયા, જી.ભરૂચ

**ગુનોઃ–** એમ.વી.એકટ કલમ–૧૮પ તથા પ્રોહી.એકટની કલમ–૬૬(૧)બી મુજબ

**–:: ઠ રા વ ::–**

**(૧)** ફરીયાદપક્ષનાં કેસની ટુંક હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ ચાર્જશીટમાં જણાવેલ સમયે તથા તારીખે રેડ દરમ્યાન પકડાઈ જઈ ગુનો કરેલ હોઈ તે અંગની ફરીયાદ નોંધાવવામાં આવેલી અને તપાસ કરી તે મુજબની ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**(ર)** ચાર્જશીટ અન્વયે આરોપીએ સમન્સ કરવામાં આવતા તેની બજવણી થતા તેઓને ચાર્જશીટ તથા પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ તેઓએ **આંક–૬** થી ગુનાની કબુલાત પુરશીશ આપેલ તેના સંદર્ભમાં **આંક–પ** થી તેઓનો જવાબ લેવામાં આવતા આરોપીએ ગુનાની સ્વેચ્છીક કબુલાત કરી એવું જણાવેલ છે કે, ગુનાની કબુલાત કરવા તેઓને કોઈએ કોઈપણ જાતની ધાક ધમકી કે લોભ લાલચ આપેલ નથી.

**(૩)** આરોપીએ જે ગુના કબુલાતની પુરસીશ આપેલ છે તેમાં તેઓ જણાવેલ છે કે તેઓ ગરીબ વ્યકિત છે. ઘરમાં તેઓ સિવાય અન્ય કોઈ કમાનાર વ્યકિત નથી, ઘરનાં તમામ વ્યકિતની ભરણપોક્ષણની જવાબદારી તેમના પર છે, તેઓનો આ પ્રથમ ગુનો છે, તેમજ ગુના બાબતે પસ્તાવો વ્યકત કરેલ છે અને ભવિષ્યમાં આવો કોઈ ગુનો નહી કરે તેની ખાત્રી આપેલ છે, તેમજ દયા કરી જેમ બને તેમ ઓછી સજા કરવા અરજ કરેલી છે.

**(૪)** આરોપીની કબુલાત પુરસીશ વંચાણે લેતાં તેમજ આરોપી પક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલી રજુઆતોને લક્ષમાં લેતાં, તેમજ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હીરાચંદજી ઠાકોર ર૦૦પ (૧) જી.એલ.આર. ૭૦૯ પર પ્રસિધ્ધ થયેલ નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત કરવામા આવેલ સિધ્ધાંતો ઘ્યાને લેતાં કેસના સં જોગો લક્ષમાં લેતાં જો પુરતા કારણો જણાય તો અદાલત– ન્યુનતમ કરતાં ઓછી સજા પણ કરી શકે છે.

**(પ)** વધુમાં આરોપીની કબુલાત પુરસીશને લક્ષમાં લેતાં, તેમજ આરોપીની કોર્ટ સમક્ષની રજુઆતોને લક્ષમાં લેતાં, આરોપીનો પ્રથમ ગુનો હોય, આરોપી ગ્રામ્ય વાતાવરણમાંથી આવતાં હોય, આરોપી

કુંટુંબનો આધાર હોય, જો લાંબા સમય સુધી કેદની સજા કરવામાં આવે તો કુંટુંબના ભરણપોષણનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે, આરોપીનાં કથિત કૃત્યની સજા આડકતરી રીતે તેના કુંટબીજનો થનાર હોય, આરોપીએ ગુના સબબ પસ્તાવો પણ વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી બને તેવી ખાત્રી પણ આપતા હોય, કેસનાં સંજોગો, ગુનાનો પ્રકાર, ગુનાને લગતી સજાની જોગવાઈ અને આરોપી ઘ્વારા કરવામાં આવેલી રજુઆતને લક્ષમાં લેતાં તથા આરોપીએ પ્રથમ ગુનો હોવાનુ જે જણાવેલ છે અને આરોપીનો આ બીજો ગુનો હોય કે અગાઉ આવા કોઈ ગુનામાં સજા થઈ હોય તેવી કોઈ હકીકત આંક–૧ કે રજુ પોલીસ પેપર્સ ઉપરથી જણાતુ નથી, તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા ઉપરોકત ચુકાદાઓમાં સ્થાપિત કરવામાં આવેલ સિઘ્ધાંતોને લક્ષમાં લેતાં આરોપીને લાંબા સમયની કેસની સજા કરવાને બદલે હળવી સજા કરવાને પાત્ર હાથ ઉપરનો કેસ હોય, જેથી આરોપીને કોર્ટ ઉઠતાં સુધીની સજા અને દંડ કરતી વખતે પણ આરોપીની દારૂણ અવસ્થાને ઉવેખી શકાય નહી, આરોપીની સ્થિતિ જોતાં અને કરવામાં આવેલી રજુઆતોને લક્ષમાં લેતાં, ઓછી રકમનો દંડ કરવાથી ન્યાયનો હેતું જળવાશે જેથી આરોપીને તેમની સામેનાં ગુના સબબ તકસીરવાન ઠરાવવા રહયા. આમ, ઉપરોકત તમામ સંજોગો, ચુકાદા અને આરોપીની કબુલાત ઘ્યાને લેતાં ઉપર મુજબનાં ગુનામાં તકસીરવાન ઠરાવી નીચે મુજબની સજા કરવી જોઈએ તેવું નમ્રપણે માનવું હોઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

– આ કામનાં આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૨) ની જોગવાઈ મુજબ એમ.વી.એકટ કલમ–૧૮૫ મુજબના ગુનામાં કોર્ટ ઉઠતા સુધીની સજા તથા પ્રોહી.એકટ ની કલમ– ૬૬(૧)બી મુજબનાં ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા)નો દંડ ની સજા કરવામા આવે છે અને જો આરોપી દંડની રકમ ન ભરે તો આરોપીને વધુ ૫ (પાંચ) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

– આથી ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીનો જાત મુચરકો તથા જામીન ખત છ માસ સુધી અમલમાં રહેશે.

– મુદામાલ વાહન બાબતે અગાઉ થયેલ વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તારીખ : ૧૩ મી માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખઃ ૧૩/૦૩/૨૦૨૬**
**સ્થળઃ દેડીયાપાડા**

**(બી.જે.પંડયા)**
**એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**ડેડીયાપાડા જી.નર્મદા**